# રાજ્યમાં ૨૪ કલાકમાં ૪૮૫ નવા કેસ, ૩૦ના મોત

## કુલ સંક્રમીતનો આંકડો ૧૮ હજારને પાર : પાંચમાં દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૪૦૦ને પાર

ગાંધીનગર,તા.૩

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમા કોરોનાના ૪૮૫ નવા દર્દી નોંધાયા છે. જેમાં અમદાવાદમાં ૨૯૦, સુરતમાં ૭૭, વડોદરામાં ૩૪, ગાંધીનગરમાં ૪૧, ભાવનગરમાં ૪, બનાસકાંઠામાં ૧૦, આણંદ, સાબરકાંઠા, દાહોદ, જુનાગઢમાં ૧-૧, રાજકોટ, અરવલ્લી અને નવસારીમાં ૨-૨, મહેસાણામાં ૪, પંચમહાલ અને ભરૂચમાં ૩-૩, ખેડા અને પાટણમાં ૫-૫ કેસો સપાટીએ આવ્યા છે. આ સાથે કોરોના એકટીવના કુલ કેસ રાજ્યમાં ૪૭૮૩ અને અત્યાર સુધીના કેસ ૧૮ હજારને પાર થઈ ૧૮૨૧૭ કોરોના સંક્રમીતના કુલ કેસ નોંધાયા છે. રાજ્યમાં આજે વધુ ૩૦ મોત સાથે કુલ મૃત્યુઆંક ૧૧૨૨ નોંધાયા છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૬૪ વ્યક્તિઓ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં આજે માત્ર ૩૧૮ વ્યક્તિઓ સાજા થઈને ઘરે ગયા હતા. રાજ્યમાં ૩૦મી મે બાદ સતત પાંચમા દિવસે કોરોનાથી સંક્રમીત થયેલા નવા દર્દીઓનો આંકડો ૪૦૦ને વટાવી રહ્યો છે. આજે નવા ૪૮૫ દર્દીઓ કોરોના પોઝિટિવ નોંધાયા હતા. કોરોનાને લીધે સંક્રમીત થયેલાનો આંકડો ૧૮ હજારને વટાવી ૧૮૨૧૭ થયો છે. રાજ્યમાં ૩૦ વ્યક્તિઓનાકોરાનાને લીધે મોત થયા છે. જેમાં અમદાવાદમાં ૨૨, વડોદરામાં ૩, સુરતમાં ૨, ભાવનગર, કચ્છ અને નવસારીમાં ૧ વ્યક્તિઓના મોત નીપજ્યા છે. અત્યા સુધીમાં રાજ્યમાં કુલ ૧૧૨૨ મોત નોંધાયા છે. અમદાવાદમાં આજે વધુ ૨૯૦ કેસ નોંધાયા અને કુલ કેસનો આંકડો તેર હજારને વટાવી ૧૩૦૬૩ થયો છે. રાજ્યમાં હાલની સ્થિતિમાં ૪૭૮૩ એક્ટીવ કેસ છે. જેમાં ૬૪ વેન્ટીલેટર પર ૪૭૧૯ સ્ટેબલ છે. અત્યાર સુધી ૧૨૨૧૨ વ્યક્તિઓ ડિસ્ચાર્જ થયેલ છે. આજે ૩૧૮ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લામાં આજની તારીખે ૨૩૨૮૩૩ વ્યક્તિ ક્વોરોન્ટાઈન છે. જે પૈકી ૨૨૫૩૦૪ વ્યક્તિ હોમ ક્વોરોન્ટાઈન અને ૭૫૨૯ વ્યક્તિ ફેસીલીટી ક્વોરોન્ટાઈન છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૩૦૬૩ | ૯૧૦ | ૮૯૩૨ |
| સુરત | ૧૭૯૪ | ૮૦ | ૧૧૯૧ |
| વડોદરા | ૧૧૪૦ | ૪૨ | ૬૬૮ |
| ગાંધીનગર | ૩૪૧ | ૧૫ | ૧૭૧ |
| ભાવનગર | ૧૩૦ | ૦૯ | ૧૦૩ |
| બનાસકાંઠા | ૧૨૭ | ૦૫ | ૯૭ |
| આણંદ | ૧૦૨ | ૧૦ | ૮૭ |
| રાજકોટ | ૧૧૭ | ૦૩ | ૭૨ |
| અરવલ્લી | ૧૧૩ | ૦૭ | ૧૦૬ |
| મહેસાણા | ૧૨૯ | ૦૬ | ૭૬ |
| પંચમહાલ | ૯૪ | ૧૦ | ૭૨ |
| બોટાદ | ૫૯ | ૦૧ | ૫૪ |
| મહીસાગર | ૧૧૬ | ૦૨ | ૪૧ |
| ખેડા | ૭૭ | ૦૪ | ૫૮ |
| પાટણ | ૮૬ | ૦૬ | ૬૪ |
| જામનગર | ૫૪ | ૦૩ | ૪૨ |
| ભરૂચ | ૪૭ | ૦૩ | ૩૪ |
| સાબરકાંઠા | ૧૦૭ | ૦૩ | ૭૭ |
| ગીર-સોમનાથ | ૪૫ | ૦૦ | ૪૨ |
| દાહોદ | ૪૧ | ૦૦ | ૩૨ |
| છોટાઉદેપુર | ૩૩ | ૦૦ | ૨૩ |
| કચ્છ | ૮૨ | ૦૩ | ૫૫ |
| નર્મદા | ૧૯ | ૦૦ | ૧૫ |
| દેવભૂમિ દ્વારકા | ૧૩ | ૦૦ | ૧૧ |
| વલસાડ | ૪૧ | ૦૧ | ૧૫ |
| નવસારી | ૨૮ | ૦૧ | ૧૩ |
| જૂનાગઢ | ૩૧ | ૦૧ | ૨૬ |
| પોરબંદર | ૧૨ | ૦૨ | ૦૬ |
| સુરેન્દ્રનગર | ૪૨ | ૦૧ | ૧૯ |
| મોરબી | ૦૪ | ૦૦ | ૦૩ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૫ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૧૦ | ૦૧ | ૦૨ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| કુલ | ૧૮૧૧૭ | ૧૧૨૨ | ૧૨૨૧૨ |

# બનાસકાંઠામાં એક જ દિવસમાં ૧૦ કેસ

## દિયોદર ૭, લાખણી ૧, કાંકરેજ ૧ અને ડીસા ૧માં કોરોના પોઝીટીવ : જિલ્લામાં અત્યાર સુધી કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક ૧૨૭ એ પહોંચ્યો : પાલનપુરમાં કોરોનાના શંકાસ્પદ દર્દીના મોત બાદ રિપોર્ટ પોઝેટિવ આવતા ચકચાર

પાલનપુર

બનાસકાંઠામાં બુધવારે વધુ ૭ વ્યકિતને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. દિયોદર ૭, લાખણી ૧, કાંકરેજ ૧ અને ડીસા ૧ માં કોરોના પોઝીટીવ આવ્યો હતો. જિલ્લામાં અત્યાર સુધી કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક ૧૨૭ એ પહોંચ્યો છે. જ્યારે ૫ વ્યક્તિઓના મોત થયા છે.

બનાસકાંઠા જિલ્લામાં બુધવારે કોરોના વાયરસનો વિસ્ફોટ થયો હતો. જ્યાં રવિવારે વધુ ૧૦ વ્યક્ત કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સીએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લાના દિયોદર ૭, લાખણી ૧, કાંકરેજ ૧ અને ડીસા ૧ માં કોરોના પોઝીટીવ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૨૭ થવા પામી છે. જ્યારે કોરોનાથી કુલ ૫ વ્યકિતઓના મોત થયા છે. લાખણીના આગથળાની સગર્ભા મહિલા કોરોના પોઝેટિવ.દિયોદરમાં કોરોનાના એક સાથે સાત પોઝિટિવ કેસ નોંધાતા ફફડાટ પ્રસરી ગયો છે. જ્યાં ધ્રાડવ ગામે ૩, સોની ગામે ૨, મીઠી પાલડી ગામે ૧ અને દિયોદર પ્રોપરમાં ૧ વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

લાખણી તાલુકાનો પ્રથમ કેસ નોંધાયો હતો. લાખણી તાલુકાના આગથળા ગામની સગર્ભા મહિલાનો કેસ પોઝિટિવ આવતા સમગ્ર તાલુકામાં ફફડાટ ફેલાવા પામ્યો હતો. જ્યારે તાલુકાનું આરોગ્ય તંત્ર પણ સાબદુ થવા પામ્યુ હતુ. તેમજ કોરોના પોઝિટિવ મહિલાને સારવાર માટે ડીસાની ગાંધી લિંકન હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યારે મહિલા કાંકરેજના ઉંબરીથી નવ દિવસ પહેલા જ આગથળા ખાતે આવી હતી. જેનું સેમ્પલ ૧જૂનના રોજ લેવામાં આવ્યું હતું જે સેમ્પલનો રિપોર્ટ ૩ જૂનના રોજ પોઝિટિવ આવતા આરોગ્ય તંત્ર સહિત વહીવટી તંત્ર દોડતું થઈ ગયું હતું. તેમજ મહિલાના સંપર્કમાં આવેલા વ્યક્તિઓની યાદી તૈયાર કરી તેઓને કોરન્ટાઇન કરવાની કામગીરી હાથ ધરી હતી. જોકે મહિલા ક્યાંથી સંક્રમિત થઈ છે તે વિશે તંત્ર કંઈ જાણી શક્યું નથી તેમ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. દિવ્યા રાઠોડએ જણાવ્યું હતું. પાલનપુર સિવિલ હોસ્પિટલમાં મૂળ રાજસ્થાનના સાંચોરનો યુવક કોરોનાના શંકાસ્પદ દર્દી તરીકે સારવાર લઇ રહ્યો હતો. જેનું ગત રોજ મોત થતા તેના મૃતદેહને સ્મશાન ખાતે અંતિમવિધિ માટે લઇ જવામાં આવ્યો હતો.

દરમિયાન, આજે આ મૃતક યુવકનો કોરોના રિપોર્ટ પોઝેટિવ આવતા ચકચાર મચી જવા પામી છે. યુવકના અંતિમ સંસ્કારની મડાગાંઠ ઉકેલવા ગયેલા વહીવટીતંત્રના અધિકારીઓને પણ હવે સંક્રમણનો ભય સતાવી રહ્યો છે. એમાંય વળી નાયબ મામલતદાર માધુભાઈ પ્રજાપતિએ તો અંતિમ સંસ્કારમાં ભાગ લીધો હતો. ત્યારે નાયબ મામલતદાર માધુભાઈ પ્રજાપતિ સાથે ત્યાં પાલનપુર મામલતદાર, એસ.ડી. એમ. શિવરાજ ગિલવા સહીત નો આરોગ્ય અને પોલીસનો સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યો હતો. ત્યારે મૃતકનો રિપોર્ટ પોઝેટિવ આવતા આ અધિકારી ઓને પણ કોરોના સંક્રમણની દહેશત વર્તાઈ રહી છે. ત્યારે ઉપસ્થિત અધિકારીઓને પણ ક્વોરન્ટાઈન કરવાની નોબત આવી શકે છે. જોકે, આ લખાય છે ત્યાં સુધીમાં કોઈ અધિકારીઓને ક્વોરન્ટાઈન કરવાની કાર્યવાહી હાથ ધરાઈ ન હોવાના અહેવાલ સાંપડ્યા છે.



## ટેકાના ભાવે ઘઉં અને ચણાની ખરીદી ૬ જૂન સુધી મુલતવી, ખેડૂતો માટે મુશ્કેલી

કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા લાગુ કરેલ લોકડાઉન, તીડ અને કમોસમી માવઠા સામે ખેડૂતોની સ્થિતિ દયનિય બની છે. ત્યારે સંભવિત નિસર્ગ નામના વાવાઝોડાની આગાહીના પગલે અરવલ્લી જીલ્લા સહીત રાજ્યમાં ૬ જૂન સુધી ટેકાના ભાવે ઘઉં અને ચણાની ખરીદી મુલતવી રાખવાનો નિર્ણય કરતા ટેકાના ભાવે ઘઉં અને ચણાનું વેચાણ કરવા રજીસ્ટ્રેશન કરાવનાર ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. સરકારના આદેશ મુજબ નિસર્ગ વાવાઝોડાના કારણે તારીખ ૩ જૂનથી ૬ જૂન સુધી ખરીદ સેન્ટર બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે, એકબાજુ ચોમાસુ દસ્તક દઈ રહ્યું છે બીજી બાજુ નિસર્ગ વાવાઝોડું ત્રાટકવાની સંભાવનાના પગલે ટેકાના ભાવે ખેતપેદાશોની ખરીદી ૬ જૂન સુધી મુલતવી રાખવાના નિર્ણયથી ખેડૂતો માટે આફત સર્જી છે. અરવલ્લી જીલ્લાના ૭ કેન્દ્રો પર ઘઉં અને ચણાના ટેકાના ભાવે ખરીદી બંધ રાખવામાં આવી હોવાનું અને રાજ્ય સરકારની સૂચના મળશે ત્યારે ખરીદી કેન્દ્રો પર ફરીથી ખરીદી શરુ કરવામાં આવશેનું ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર ફરજ બજાવતા કર્મચારીએ જણાવ્યું હતું.

## અરવલ્લી એસ.પી એક્શન મોડમાં

## શામળાજી પીએસઆઈ શિલ્પા પરમારે ૨૦૧૮ના કેસમાં બુટલેગર ''સુકા''ના રિમાન્ડ ન માંગતા કરાયા સસ્પેન્ડ

અરવલ્લી જીલ્લામાં શામળાજી પોલીસ સ્ટેશન હવે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ માટે શાપિત બની રહ્યું છે છેલ્લા બે વર્ષમાં શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૩ પીએસઆઈ સસ્પેન્ડ કરવાની જિલ્લા પોલીસવડા મયુર પાટીલને ફરજ પડી છે નવનિયુકત ડીવાયએસપી ભરત બસિયા અને જિલ્લા પોલીસે પોલીસતંત્રને નાકે દમ લાવી દેનાર અને પોલીસપર હુમલો કરવા ટેવાયેલા ડોડીસરના માથાભારે બુટલેગર સુકા ઉર્ફે ભંવરલાલ ડુંડના ઘરે રેડ કરી મોટીમાત્રામાં વિદેશી દારૂ જપ્ત કર્યો હતો, ફરાર બુટલેગર સુકાને ભિલોડા પોલીસે ઝડપી પાડ્યો હતો અને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો શામળાજી પીએસઆઈ એચ.એસ પરમારે ૨૦૧૮ના વર્ષમાં સુકા વિરુદ્ધ નોંધાયેલા ગુન્હામાં રિમાન્ડ ન માંગતા ફરજમાં નિષ્કાળજી દાખવવા બદલ ખાતાકીય ઈન્કાયરી બાદ એસપી મયુર પાટીલે સસ્પેન્ડ કરી કરી દેતા પોલીસબેડામાં ખળભળાટ મચી ગયો છે શામળાજી પોલીસ સ્ટેશનનો ચાર્જ પીએસઆઈ સિસોદીયાને આપવામાં આવ્યો હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.



રાજસ્થાનને અડીને આવેલ શામળાજી પોલીસ સ્ટેશન હદમાં આવેલ આંતરરાજ્ય રતનપુર ચેકપોસ્ટ બુટલેગરોમાં દારૂ ઘુસાડવા માટે સિલ્ક રૂટ હોવાથી એક સમયે શામળાજી પોલીસ સ્ટેશનમાં પોસ્ટિંગ મેળવવા કાવડિયા બોલતા હતા ત્યારે હવે શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવવા કોઈ પીએસઆઈ તૈયાર ન હોવાની માહિતી પોલીસસુત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી. બુટલેગરો સાથે પોલીસતંત્રના કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ભાઈબંધી જાણીતી છે બુટલેગરોને છાવરવામાં આવતા હોવાની અને રક્ષણ આપતા હોવાની અનેકવાર બૂમો ઉઠી છે. હાલમાં જ ગાંધીનગર નજીક ટ્રાવેરા ગાડીમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો તેમાં અરવલ્લી જિલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા ગઢવી નામના કર્મચારીની સંડોવણી હોવાની ચર્ચાથી અરવલ્લી ખાખીને ધબ્બો લાગ્યો છે ત્યારે શામળાજી પીએસઆઈ એચ.એસ પરમાર કુખ્યાત બુટલેગરની અગમ્ય કારણોસર તરફદારી કરતા હોય તેમ ૨૦૧૮ના વર્ષમાં સુકા વિરુદ્ધ નોંધાયેલા ગુન્હામાં રિમાન્ડ ન માંગતા ફરજમાં નિષ્કાળજી દાખવવા બદલ ખાતાકીય ઈન્કાયરી બાદ એસપી મયુર પાટીલે ફરજમાં બેદરકારી દાખવવા બદલ શામળાજી પીએસસેઈ શિલ્પા પરમારને ફરજ મોકૂફ કરી દેવામાં આવતા પોલીસતંત્રમાં ભારે ચકચાર મચી છે.



''નયા ગુજરાત''નો મંત્ર આપનાર રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. ચિમનભાઈ પટેલની બુધવારે ૯૨મી જન્મ જયંતિ હતી. આ પ્રસંગે તેમના પુત્ર સિદ્ધાર્થ પટેલ સહિત અગ્રણી કોંગ્રેસી નેતાઓએ ગાંધીનગરમાં સાબરમતી તટે સ્વ. ચિમનભાઈ પટેલની સમાધિ ''નર્મદા ઘાટ'' પર સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

### શહેરમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ કોરોના કેસ વધ્યા છે. શહેરમાં જ એક સાથે ૬ નવા કેસ ધ્યાને આવતા આરોગ્ય તંત્રની ચિંતામાં વધારો થયો છે. ગાંધીનગર શહેરમાં અત્યાર સુધી કોરોનાના ૧૧૧ કેસ નોંધાયા છે. આ પૈકી ૭૯ દર્દીઓ રીકવર થયા છે. જયારે ૨ દર્દીઓનુ મોત પણ નિપજયુ છે.

લોકડાઉન ખુલ્લુ મુકાયા બાદ નાગરિકોએ કોરોનાના કહેર વચ્ચે વધુ સાવધાન થવાની અનિવાર્યતા છે. સોશિયલ ડીસ્ટન્સીંગ સહીત માસ્ક , સેનેટાઈઝરનો ઉપયોગ પણ ફરજિયાત કરવાની સરકારની ગાઈડલાઈનનો યોગ્ય અમલ થાય તે અંગે પણ નગરજનોએ વધુ જાગૃત થવુ પડશે. જયારે કામ સિવાય ઘરની બહાર ન નિકળવુ પણ સલાહભર્યુ રહેશે.

### સંભાવના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેસ વસૂલવામાં આવી રહ્યો છે. જયારે ગેસ પર ૧૫ ટકા વેટ લાગુ પડે છે. જો કે, સૂત્રોએ જણાવ્યું કે, નાગરિકોની નારાજગીને ધ્યાને રાખીને હાલ સરકાર આ વસ્તુઓ પર વેટ વધારવાની જગ્યાએ અન્ય વિકલ્પ અંગે વિચારી રહી છે. એવું પણ બની શકે છે કે પેટ્રોલ અને ડિઝલ અને બંને માટે અલગ અલગ ટેક્સ માળખું બની શકે. આગામી બે દિવસમાં આ અંગે રાજ્ય સરકાર કોઈ જાહેરાત કરી શકે છે.

### મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલુ

હાથ તૂટ્યો છે બહેનીનો ને જનનીનો તો ખોવાણો,
કાલ્ય હિલ્લોળા ખાતો'તો એ રથની વાતો જાવા દે.
ચાલ કહ્યું ને ચાલી નીકળ્યો, આજ લગી તો ના પૂગ્યો,
ક્યારે જોશું માનું મોઢું, મધની વાતો રહેવા દે.

ફેસબુકમાં જ શ્રી દેવાયતભાઈ ભમ્મરે રસ્તા પર ચાલી જતી એક છોકરીના ઉઘાડા પગોનો ફોટો મૂક્યો હતો. તેની કવિતા રચી હતી કે નહીં તે યાદ નથી. પણ પેલા ઉઘાડા પગ જોઈ મને પણ એક કવિતા સૂઝી.

સાવ ખુલ્લા પગ લઈને ચાલશે,
તો લગીરે ખ્યાલ પથનો આવશે.
સૂર્યનું છે કામ સહુને બાળવું,
તું તો માની આંખડીને ઠારશે.
બારણાં છે બંધ એના કયારના,
એ બિચારો ક્યાંથી તુને ભાળશે ?
તું કહે તો રંગ વેરે રાહ પર,
એટલો અસબાબ અલબત્ત આલશે.
ભૂખ લાગે તો ભીડી લે હોઠને
એકબે બિસ્કીટથી ભૂખ ભાંગશે ?

(ક્રમશઃ)

### ત્રાટક્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરમાણુ અને રાસાયણિક સંયંત્ર પણ છે. આ અંગે ચિંતા વ્યક્ત કરાઈ રહી છે. જેનાથી વીજપ્રવાહ ખોરવાવાનો પણ ભય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સંબંધમાં ઠાકરે સાથે ચર્ચા પણ કરી હતી. પાલઘરમાં દેશનું સૌથી જુનું તારાપુર એટોમિક પાવર પ્લાન્ટ છે. અહીંયા ઘણા અન્ય પાવર યુનિટ્સ પણ છે. મુંબઈમાં બાર્ક(ભાભા એટોમિક રિસર્ચસેન્ટર) છે. રાયગઢમાં પણ પાવર, પેટ્રોલિયમ, કેમિકલ્સ અને અન્ય બીજી મહત્વની ઈન્ડસ્ટ્રી છે. મુંબઈમાં જવાહરલાલ નહેરુ પોર્ટ અને નેવીના મહત્વના રણનીતિક સ્થાન છે. વાવાઝોડાના સામના માટે તંત્ર ખડેપગે : મહારાષ્ટ્રમાં દ્નદ્બઈદ્બની ૨૦ ટીમો. જેમાંથી મુંબઈમાં ૮, રાયગઢમાં ૫, પાલઘરમાં ૨, થાણેમાં ૨, રત્નાગિરીમાં ૨ અને સિંધુદુર્ગમાં ૧ ટીમ રાહત અને બચાવનું કામ કરશે. નૌસેનાએ મુંબઈમાં ૫ ફ્લડ રેસ્ક્યૂ ટીમ અને ૩ મરજીવાઓની ટીમ તહેનાત કરી દીધી છે. પાલઘર જિલ્લાને પુરી રીતે બંધ કરી દીધો છે.

### ઈન્કાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અરજીકર્તાના વકીલે દલીલ કરી છે કે ઈન્ડિયા ગ્રીક શબ્દ ઈન્ડિકામાંથી આવ્યું છે અને આ નામને કાઢી નાખવા જોઈએ. અરજીકર્તાએ આ દલીલ સતત મુકી હતી. પરંતુ કોર્ટનું વલણ અરજી સાંભળવા માટે ન દેખાયું તો અરજીકર્તાએ કહ્યું કે આ અરજીને રજૂઆત તરીકે સંબંધિત મંત્રાલય સમક્ષ મોકલવાની પરવાનગી આપવામાં આવે.

### બ્લાસ્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આગની ઘટનામાં ૬ કામદારોના ઘટના સ્થળે જ મોત થયા હતા. જયારે ૨ દર્દીનાં સારવાર દરમિયાન મોત થયા હતા. જયારે બાકીના તમામ ઈજાગ્રસ્તોને ભરૂચની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે, જેમાં ઘણા કામદારોની હાલત ગંભીર છે. જેમની સારવાર ચાલી રહી છે. દરમિયાનમાં આગનું વિકરાળ રૂપ જોતાં યશસ્વી કેમિકલ કંપનીની આસપાસનો સમગ્ર વિસ્તાર કોર્ડન કરી દેવાયો છે અને ભરૂચ જિલ્લા સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગ દ્વારા તપાસ શરૂ કરાઈ છે તથા યશસ્વી કંપનીને ક્લોઝર નોટિસ ફટકારવામાં આવી છે.

### ખેડૂતો સીધા

● અનુસંધાન પહેલાનું ચાલુ

એમએસએમઈ સેક્ટર અને ખેડૂતોને લઈ કેટલાક મોટા નિર્ણયો લેવાયા હતા. એક તરફ દેશમાં કોરોનાના કેસની સંખ્યા સતત વધી રહી છે અને સાથે જ અનલોક ૧ અંતર્ગત કેટલીક છૂટછાટ પણ અપાઈ રહી છે ત્યારે કેન્દ્રીય કેબિનેટની આ બેઠક પર સૌ કોઈની નજર અટકેલી હતી.

સોમવારે યોજાયેલી બેઠકમાં કેન્દ્ર સરકારે એમએસએમઈ સેક્ટરની પરિભાષા બદલી હતી ત્યારે હવે દેશનો ખેડૂત કોઈ પણ માર્કેટ અને કોઈ પણ રાજ્યમાં પોતાનો પાક વેચી શકશે તેવો નિર્ણય લેવાયો છે.

### કોરોનાનો વિસ્ફોટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરાવતા એક યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્રએ અમરાપુરમાં તેના સંપર્કમાં આવેલ લોકોની યાદી બનાવી ખરણા ગામે તેના પરિવારના સભ્યો તેમજ સંપર્ક ધરાવતા લોકોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આ ઉપરાંત ઈન્દ્રપુરા ગામમાં બે નાના વેપારીઓનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં જ ગામમાં સન્નાટો છવાઈ ગયો છે. ઈન્દ્રપુરા ગામમાંથી આજે ત્રણ દર્દીઓ મળ્યા છે. જેમાં એક દર્દી વોટર વર્કસની નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે. તંત્રએ ઈન્દ્રપુરામાં પણ આજે મોટી સંખ્યામાં લોકોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આ કોરોનાના કહેર વચ્ચે ઈટાદરા પ્રા.આ. કેન્દ્રના લેબ. ટેકનીશ્યનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ટેકનીશ્યન ચાંદખેડાથી અપડાઉન કરતો હતો. તેના નિવાસસ્થાનની આસપાસમાં કોરોનાના પોઝીટીવ કેસ મળતાં તેણે પણ તાવ સહિતની ફરિયાદો કરતાં તેના નમુના મેળવી તપાસ કરાવતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

આ ઉપરાંત ગલથરા ગામેથી પણ કોરોનાનો એક દર્દી મળી આવેલ છે. આ ભાઈ અમદાવાદમાં હીરા ઘસવાની કામગીરી કરી રોજગારી મેળવતો હોવાનું જાણવા મળેલ છે.

માણસા તાલુકાના પ્રતાપપુરા ગામેથી ૧૩ વર્ષના એક યુવાનને પગે ફ્રેક્ચર થતાં તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેનું ઓપરેશન કરવુ જરૂરી જણાતાં તેના નમુના મેળવી પરીક્ષણ કરતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. હાલ આ દર્દી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જ સારવાર હેઠળ છે.

માણસા ઉપરાંત દહેગામમાંથી પણ આજે ૭ કેસ મળી આવ્યા છે. જેમાં એક મેડીકલ સ્ટોર ધરાવતા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

હરખજીના મુવાડા ગામેથી આજે ત્રણ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. તંત્ર દ્વારા આ ત્રણેય દર્દીઓ કેવી રીતે સંક્રમિત થયા તે અંગે વિગતો એકત્ર કરવામાં આવી રહી છે. મળતી પ્રાથમિક વિગતો મુજબ અગાઉ સંક્રમિત થયેલ દર્દીના રહેઠાણની બાજુના જ ફળિયામાં આ લોકોના ઘર આવેલ હોવાનું જાણવા મળેલ છે.

દહેગામમાં દેવકરણના મુવાડા ગામેથી આજે વધુ બે દર્દીના રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તેઓ રિક્ષામાં લઈ અગાઉ નોંધાયેલ મહિલા દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આવ્યા હતા તેવુ જાણવા મળેલ છે.

દેવકરણના મુવાડા ખાતે ત્રણ કેસ કોરોનાના નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના અડાલજ ખાતેથી આજે બે કેસ મળી આવેલ છે. મળતી વિગતો પ્રમાણે ૪૪ વર્ષના એક ભાઈ અમદાવાદ નજીકની એક ફાર્મા કંપનીમાં નોકરી કરતા હતા અને ૩૧-૫-૨૦૨૦ સુધી તેઓ નોકરી ગયા હતા પરંતુ બે દિવસથી તેઓ નોકરી ગયા ન હતા. આ ભાઈના પરિવારના બે સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

અડાલજમાં અન્ય એક યુવાનનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. આ યુવાન એણાસણ ગામે તેના મોસાળમાં ગયો હતો અને ત્યાં વોટર પાર્કમાં સ્નાન પણ કર્યુ હતુ. તંત્રએ એણાસણ અને અડાલજ ખાતે તેના સંપર્કમાં આવેલ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરી છે.

ગાંધીનગર તાલુકાના મેદરા ગામેથી પણ એક આધેડનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ આધેડ થોડા સમય પૂર્વે અમદાવાદના નરોડા વિસ્તારમાં દવા લેવા ગયા હતા. તેમને તાવ આવતો હતો. દવા લીધા બાદ તાવ ઉતરી જતાં પુનઃ નરોડા બતાવવા ગયા હતા. આ આધેડના પરિવારના ૬ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે જ્યારે દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

આજે પેથાપુરમાંથી પણ વધુ એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તેણીનીને ૧લીએ તાવ આવતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દવા લેવા ગયા હતા. મળતી વિગતો પ્રમાણે વિસનગરથી તાજેતરમાં જ તેઓ પેથાપુર ખાતે રહેવા આવ્યા છે. તેણીનીના ઘરમાં તેના પતિ સાથે રહે છે. પતિને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ગામેથી એક યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે મળતી વિગતો પ્રમાણે આ યુવાન ગિફ્ટ સીટીમાં નોકરી કરે છે. આ દર્દીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં ઘરના પરિવારના ૩ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

ફિરોજપુર ગામેથી એક ૬૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. તેઓ ડાયાબીટીસની સારવાર માટે દવાખાને દવા લેવા ગયા હતા.